**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

## ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

**પ્રશ્નપત્ર - ૧**

**(સમય : સવારે ૯ થી૧૨)** **રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨** **કુલ ગુણ : ૧૦૦**

**અગત્યની સૂચના**
**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાંથી જે ગુણની ન્યૂનતા હોય તે ગુણની ન્યૂનતા કેવી રીતે ટાળવી ? (પ્ર.૧૯/૨૯-૩૦)

જ. જે ભક્તને ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા, સમાગમે કરીને તે ન્યૂનતાને ટાળવી.

૨. કેવી સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી ? (પં.૭/૩૪૭)

જ. 'ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે.' એવી રીતે જેની દૃઢપણે સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી.

૩. શ્રીજીમહારાજ ક્યાં અને કોની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા હતા ? (પ્ર.૬૮/૧૩૩-૧૩૪)

જ. શ્રીજીમહારાજ પુરુષોત્તમપુરીમાં જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા હતા.

૪. પ્ર. ૭૬ મુજબ શ્રીજીમહારાજની પ્રકૃતિ જણાવો. (પ્ર.૭૬/૧૫૯)

જ. અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. ગ.પ્ર. ૨૧ પ્રમાણે આપણા સર્વે સત્સંગીએ કેવો નિશ્ચય કરવો ? ( પ્ર.૨૧/૩૩-૩૪)

જ. આપણા સર્વે સત્સંગીએ એમ નિશ્ચય કરવો જે 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.

૨. જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય તેના શાં લક્ષણ છે ? (પ્ર.૪૪/૮૨)

જ. જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે. જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂડનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે, એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું.

૩. શ્રીહરિના મતે સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કઈ સમજણે આવે ? (પ્ર. ૬૭/૧૩૨-૧૩૩)

જ. જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.

૪. પ્ર. ૪૭ મુજબ આત્મનિષ્ઠા પ્રધાન હોય તેવા ભક્તનાં લક્ષણો જણાવો. (પ્ર.૪૭/૮૯)

જ. જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે, અને પોતાના ઈષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધસ્વરૂપ અને સદા દિવ્ય સાકારમૂર્તિ સમજે, અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે, અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃત્તિવાળો હોય.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **કીડિયારાનું દૃષ્ટાંત (પ્ર.૧૮/૨૭) દૃષ્ટાંત :** જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાંખે તો પંડે કુશળ રહે, તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય. તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજ્યો; અને આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું.
**સિદ્ધાંતઃ** અહીં મહારાજ કુપાત્ર જીવને કીડિયારાના રોગ સાથે સરખાવે છે. આ રોગની શરૂઆત થાય તે સાથે જ તેટલા અંગને કાપી ન નાખીએ તો આ રોગ સમગ્ર શરીરમાં ફેલાઈ જાય અંતે મૃત્યું પણ થાય. માટે જેમ રોગીષ્ઠ અંગને કાપી નાખીએ છીએ. તેમ કુપાત્ર જીવને પણ સત્સંગની બહાર કાઢી મૂકવો પડે. મહારાજે જેમ હરબાઈ-વાલબાઈ તથા રઘુનાથદાસને સત્સંગમાંથી બહાર કાઢીને સત્સંગને બગડતો બચાવી લીધો હતો. તેમ જ તેવા કુપાત્ર જીવો ભલેને ગમે તેટલી સેવા કરતા હોય પ્રતિષ્ઠિત હોય તો પણ તેનો ત્યાગ કરવો જ જોઈએ તો જ મહારાજનો રાજીપો રહે છે.

૨. **ફળ વગરનું બાણ (સા. ૭/૧૯૧) દૃષ્ટાંત :** જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય, તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ નીસરે નહીં અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહીં. તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બૂઠિયો થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહીં અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે. **સિદ્ધાંતઃ** બાણની તીવ્રતા તેની અણીમાં છે. જેટલી અણી તીવ્ર તેટલું બાણ પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે. પણ આ જ બાણની જો અણી કાઢી નાખવામાં આવે તો તે ચોંટે નહિ પણ ઉથડકીને પાછું પડે છે. તેમ ઇન્દ્રિયોની વૃત્તિ પણ બૂઠી થઈ જાય તો વિષયમાં ચોંટે નહિ. અને ઇન્દ્રિયોની વૃત્તિને બૂઠી કરવા માટે સાચા સંતનો સમાગમ જોઈએ. તેના સાનિધ્યમાં જતાં જ વૃત્તિયો બૂઠી થઈ જાય અને શ્રેષ્ઠ વિષય હોય તો પણ તેમાં લેવાય નહિ. તેવા સંત સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છીને દૃઢ મન કરીને રહેવું.

૩. **નટની માયા (પં.૭/૩૪૪) દૃષ્ટાંત :** જે નટની માયાને જાણતો હોય તે તો એમ જાણે જે, 'એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.' તેમ ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી; ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, 'હવે એ નાશ થઈ ગયા.' અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, 'અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.' એમ ભગવાનને અખંડ સમજે. **સિદ્ધાંત :** નટ નજરબંધી કરીને ખેલ કરતો હોય છે. અને તે બધાને સાચું લાગતું હોય છે. પણ હકીકતમાં તે સાચું હોતું નથી. જે નટની માયાને સમજતો હોય છે. તેને તો ખબર છે કે નટ મરતો પણ નથી અને બળતો પણ નથી. આ તો તેણે એક માયા રચી છે. એવી જ રીતે જે ભગવાનના સ્વરૂપને તત્ત્વે કરીને સમજતો હોય તેને માટે ભગવાન દેહ મૂકતા નથી. ભગવાન તો અખંડ અને અવિનાશી છે. અને આ જે કાંઈ દેખાય છે તે તો ભગવાનની માયા છે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **પવિત્ર બ્રાહ્મણ અજામિલ વેશ્યાના અંબોડાનું ફૂલ સુંઘવાથી ભ્રષ્ટ થયો. (પ્ર. ૧૮/૨૫)**
**સંદર્ભ :** તે જો પાપી જીવના હાથનું પુષ્પ અથવા ચંદન તેની જો સુગંધી લે તો જેમ લીલાગર પીધે બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમ જ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. **સમજૂતિ :** આહાર અને વિહાર બંને શુદ્ધ રાખવા જરૂરી છે. તેમ સંગ શુદ્ધિ પણ એટલી જ જરૂરી છે. ભ્રષ્ટ જીવનો સીધો સંગ ન થાય પણ આડકતરી રીતે પણ જો સંગ થઈ જાય તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.

૨. **ગાયકવાડ, સિંધિયા અને હોલકરનું દીવાનપણું ભોગવતા દીવાન જાડી બુદ્ધિવાળા ગણાય. (પ્ર. ૫૦/૯૪)**
**સંદર્ભ :** કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં; માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. **સમજૂતિ :** દીવાનજી ત્રણ રાજ્યની દીવાનગીરી કરતા હતા પણ પ્રત્યક્ષ ભગવાનને ઓળખી ન શક્યા. તેથી શ્રીજીમહારાજને પકડીને જેલમાં નાખવાના તથા મારી નાખવાના ઘણા પ્રયત્ન કર્યા. તેથી તેઓ જાડી બુદ્ધિવાળા ગણાય.

૩. **અક્ષરધામની પ્રાપ્તિનું વરદાન પામેલો લાલો પાળો ગંગાજળિયા કૂવામાં ભૂત થયો. (પ્ર. ૭૧/૧૪૨)**
**સંદર્ભ :** બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં. **સમજૂતિ :** લાલો પાળો શ્રીજીમહારાજ થકી અક્ષરધામની પ્રાપ્તિનું વરદાન પામેલો પણ ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કર્યો. તો મહારાજ તેનો એ અપરાધ માફ નથી કરતા. મહારાજ પોતાનાથી પણ ભક્તને અધિક મહત્વ આપે છે. તેથી ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કરવાથી તે ભૂત થાય છે. નરસિંહ મહેતા પણ કહે છે 'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધે મેં ન છૂટે રે..'

૪. **ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'હું મારી ચૈતન્ય શક્તિ ખેંચી લઉં તો આખું જગત ગંધાઈ ઊઠે.' (પ્ર.૨૭/૪૬)**
**સંદર્ભ :** એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે; અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે, એમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ

જગતના આધારરૂપ છે. **સમજૂતિ :** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા. મહારાજ તેમનામાં સમ્યક પ્રકારે રહીને કાર્ય કરે છે. જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય તે ન્યાયે જેટલામાં રાજાનો હુકમ ચાલે તેટલામાં રાણીનો હુકમ પણ ચાલે. માટે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'હું મારી ચૈતન્ય શક્તિ ખેંચી લઉં તો આખું જગત ગંધાઈ ઊઠે.'

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઇત્યાદિક સર્વે ઇન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.'(પ્ર.૨૦/૩૦) (૯)

૨ 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ. અને તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઇચ્છે એવા ડાહ્યા છે. તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે.' (પ્ર.૩૭/૬૫)(૨૦)

૩ 'કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોખ્ખી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિમૂર્ખ જાણવો...... અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે અને એને જ બુદ્ધિવાળો કહીએ.' (પં.૩/૩૨૮)(૩૦)

## વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ નવી આવૃત્તિના આધારે

**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ : (૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્નનંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. નિઃસ્પૃહી નીલકંઠવર્ણી**

૧. ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. - ઉદર પોષણ માટે જ આહાર નહિ કે સ્વાદેન્દ્રિયને પોષવા માટે - કોઈ સ્થળે એક રાત્રિથી વિશેષ ન રહેવાનો નિયમ. ૧/૧૦૫-૧૦૭

૨. સહેજાપુરમાં ભક્તોએ આપેલ ફળ, મીઠાઈ શાલીગ્રામને ધરાવીને બધાને વહેંચી દીધું અને બાટી અને કેરીનો રસ કાઢી તેમાં પાણી નાંખીને જમી ગયા. ૧/૧૦૯

૩. ધ્રુવજીના આશ્રમ આગળ મુનિઓએ ફળના ઢગલાં કરી દીધા તો પણ નીલકંઠવર્ણીએ થોડી જ ગ્રહણ કરી. ૧/૧૧૪-૧૧૫

૪. શ્રીપુરમાં મહંતે પોતાના એક લાખ રૂપિયાની આવકવાળા મઠની સોંપણી કરવાની નીલકંઠને વાત કરી. તેનો નીલકંઠે ઈન્કાર કરી દીધો. ૧/૧૧૯

૫. બદરીનાથના પૂજારી નરનારાયણનો થાળ વર્ણીને જમવા આપે તેમાં પાણી નાંખીને નીલકંઠ જમી જતાં 'સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો લેવો જોઈએ.' ૧/૧૨૨
૬. જ્યોર્તિમઠમાં સુંદર બાગ- બગીચા વાળો બંગલો અર્પણ કરવા પૂજારી તૈયાર થયો - તેમાં નીલકંઠનો ઈન્કાર. ૧/૧૨૪
૭. બદરીપતિની ભૂમિમાં તપ, ત્યાગ અને ભક્તિ જ પ્રધાન હોવાં જોઈએ. ૧/૧૩૧
૮. રણજીતસિંહ રાજાએ સુર્વણના થાળમાં મેવા, મીઠાઈ અર્પણ કર્યા. - રાજ્ય અર્પણ કરવાની તૈયારી પરંતુ નીલકંઠને રાજ્ય ખપતું ન હતું. તેથી ચાલી નીકળ્યા. ૧/૧૩૩
૯. વંશીપુરના રાજાનું રાજ્ય અને તેની બે દિકરીઓ પરણાવવા તૈયાર - નીલકંઠ ઈન્કાર કરી ચાલી નીકળ્યા. ૧/૧૪૧-૧૪૪
૧૦. કઠારી તોડી નાંખીને મોહનદાસની પદાર્થમાંથી વૃત્તિ તોડાવી દીધી. ૧/૧૬૦-૧૬૧
૧૧. કાઠમંડુના રાજાનો રોગ મટાડ્યો. રાજાએ કાંઈક માંગણી કરવા કહ્યું, 'બંદીખાને પૂરેલ સાધુઓને મુક્ત કરવાની માંગણી - બીજું કાઈ જોઈતું નથી.' ૧/૧૭૭-૧૭૯
૧૨. સિદ્ધવલ્લભ રાજા દ્વારા અનેક ભેટ- સામગ્રી - નીલકંઠે આપેલો ઉપદેશ. ૧/૧૮૭
૧૩. જગન્નાથજીના થાળની પ્રસાદી પૂજારી નીલકંઠને આપતો. અજગરવૃત્તિ રાખીને જે મળે તે ઠાકોરજીને નૈવેધ કરી જમી લે. ક્યારેક વાયુ ભક્ષણ કરીને રહેતા. અજાચક વૃત્તિ ૧/૨૧૨-૨૧૩, ૨૧૭
૧૪. અમારે ત્યાગીઓને વળી રાજમહેલ શા ? એ ભોગ અમને ન ખપે. ૧/૨૨૦
૧૫. બુરાનપુરમાં વિપ્રોએ સુંદર રસોઈ તૈયાર કરી નીલકંઠ તો તેમાં બધુ ભેગું કરી ચોળીને પી ગયા. ૧/૨૫૧-૨૫૨
૧૬. (ભરુચ) ભૃગુતીર્થ પાસે પીપળીમાં સારી રસોઈ જમવાનો ઈન્કાર. ૧/૨૫૬-૨૫૭
૧૭. બહાદુરસિંહજીએ રહેવા આગ્રહ - નીલકંઠે ના પાડી. હરિદાસના અખાડામાં પધાર્યા - હરિદાસને અજાચક વ્રત તે દિવસે અન્ન ન મળવાથી ઉપવાસ કર્યો. નીલકંઠવર્ણીએ પણ સાથે ઉપવાસ કર્યો. ૧/૨૭૩-૨૭૪
૧૮. ભાવનગરમાં દેવજી ભગતની ધર્મશાળાના માલિકે આ જગ્યાના માલિક બનવા આગ્રહ - નીલકંઠે વિનયથી અસ્વીકાર. ૧/૨૮૪
૧૯. નાગર બ્રાહ્મણની શીરાપુરીની રસોઈ નીલકંઠ અલ્પ જ જમ્યા - તપસ્વીને ભોગ ખપે નહિ. ૧/૩૦૪-૩૦૫


**૨. શ્રીહરિએ ઉજવેલા ઉત્સવો અને તેનું રહસ્ય**


૧. માણાવદરમાં વસંતોત્સવ - વસંતોત્સવનું રહસ્ય સમજાવ્યું - સ્ત્રીપુરુષ મર્યાદા - સ્ત્રીઓએ કેવી રીતે ઉત્સવમાં જવું તેની સમજ આપી ૧/૪૦૬-૪૦૮
૨. માંગરોળમાં ફૂલદોલ ઉત્સવે હોલિકા ઉત્સવનું રહસ્ય - અસદ્‌ભાવ, અસદ્‌વાસના, અસદ્‌પ્રકૃતિ નિર્મૂળ કરી શુદ્ધ કરી ભક્તિમાર્ગે દોરવાની ભાવના ૧/૪૧૧
૩. આ. સં. ૧૮૫૯ લોજપુરમાં અન્નકૂટ ઉત્સવ - ભગવાનનો નિશ્ચય - સંતોને બ્રહ્મચર્યના નિયમો અને ઈન્દ્રિયો વકરીને ધર્મભ્રષ્ટ ન કરે તેના માટે આહાર વિવેકનો ઉપદેશ ૧/૪૩૬-૪૩૭
૪. ભાડેરમાં જળઝીલણી ઉત્સવ - લોકોના ઈન્દ્રિયો શ્રીહરિના સ્વરૂપમાં ખેંચાય-વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું. ૨/૬
૫. ભાડેરમાં ધર્મપિતાનું શ્રાદ્ધ - વૈદિક પ્રણાલિકાની જાળવણી ૨/૬
૬. ભાડેરમાં નવરાત્ર ઉત્સવનું સમજાવેલું રહસ્ય - બ્રાહ્મણોને આજીવિકા અને ધર્મ બંને સચવાય તેવો બતાવેલો માર્ગ - સાત્ત્વિક દેવીઓનું પૂજન - માંસ અને મદિરાના ત્યાગની વાત- બ્રાહ્મણોમાં નવું જોમ ૨/૬-૮
૭. કાર્તિક પૂર્ણિમાનો અલૈયા મોડામાં ઉત્સવ - આચરણ શુદ્ધિ આવી - જીવનમાં ધર્મ અને નીતિમય જીવનનો, શ્રીહરિ પ્રત્યે ભક્તિભાવનો ઉદય - સંતોને આચરણ શુદ્ધિનો ઉપદેશ ૨/૧૦-૧૧
૮. આ.સં. ૧૮૬૦ ભાદરામાં વસંતોત્સવ- ત્રણ પુરુષાર્થ - ત્રણ ગુણ - ભક્તિની સિદ્ધિ - મનુષ્ય સ્વરૂપમાં રહેલા ભગવાનની ઓળખ - અસુરની ઓળખ અને ત્યાગનો ઉપદેશ ૨/૬૦-૬૧
૯. આ.સં. ૧૮૬૦ ભુજમાં હરિજયંતિનો ઉત્સવ - ઉપવાસ કર્યો અને કરાવ્યો - આચરણશુદ્ધિ - આચરણધર્મના જયંતિ પ્રસારણનો ભાવ - જગજીવનના પત્ની પ્રભાવતીને આપેલી સાચી વાતની સમજ ૨/૮૫-૮૬

### ૩. શ્રીહરિના નારી ભક્તરત્નો

**નોંધ :** '(શીતલદાસનું પરિવર્તન' પ્રસંગ પછી સહજાનંદ સ્વામી 'શ્રીહરિ' એવા નામથી પણ ઓળખાતા થયા તેથી અહીં તે પછીના પ્રસંગો જ માન્ય ગણાશે.)

| | | |
|---|---|---|
| ૧. | પીપલાણામાં રુકમાઈ, લાડકીબાઈ, જીબા, મીઠી વગેરેએ શ્રીહરિને જમાડવાનો લીધેલો લાભ | ૧/૩૯૭ |
| ૨. | મૂળીમાં ભોગવતી નદીએ સ્ત્રીનું રૂપ ધારણ કરી મહારાજની કરેલી પૂજા - શ્રીહરિએ આપેલા આશીર્વાદ. | ૧/૪૧૯ |
| ૩. | લોજમાં અન્નકૂટ ઉત્સવમાં બાઈઓ - 'આ તો ભગવાન છે.' | ૧/૪૩૬ |
| ૪. | મેઘપુરના લાડકીબાઈ - 'મને પરાણે પરણાવશે તો હું દેહ પાડી દઈશ.' | ૧/૪૫૫ |
| ૫. | પીપલાણાના લાડકીબાઈ અને તેમનાં પુત્રી રુકમાઈએ મેઘપુરમાં બ્રાહ્મણોની ચોરાશી માટે દશ હજાર કોરી અપર્ણ કરી. | ૧/૪૫૭ |
| ૬. | કરિયાણાના મીણબાઈ મા નિરાવણ દૃષ્ટિથી શ્રીહરિને આવેલા જાણી પંચપીરની જગ્યાએ માણસ મોકલ્યો - પુરુષથી પાંચ હાથ છેટે રહેતાં - 'અંતરમાં તો તમને પૂરી દીધાં છે. | ૨/૨૫-૨૮ |
| ૭. | પીથલપુરથી જાનબાઈએ ભગવાનને ખોળવા માટે મોકલેલા હરજી ઠક્કરને - કરિયાણામાં ભગવાન મળેલા. | ૨/૨૮ |
| ૮. | 'બાપુ ! બહુ મહેર કરી. તમારી ભલામણે મહારાજ પધારશે.' - કુંડળના રાઈબાઈ | ૨/૩૫ |
| ૯. | 'હા, પ્રભુ ! તમે ચાલ્યા ગયા અમને સાવ નોધારાં મૂકીને.' - બોચાસણના નાનીબા | ૨/૪૦-૪૧ |
| ૧૦ | 'આપ પ્રભુ છો અને હું આપની ભક્ત છું' - ભુજના લાધીમા | ૨/૭૯-૮૦ |
| ૧૧. | માનકૂવામાં દેવબાઈના માંડવે વર બનીને મહારાજ પોંખાયા | ૨/૮૨-૮૩ |
| ૧૨. | 'તમે મારો આશ્રય કર્યો છે તો હવે કોઈ ચિંતા કરશો નહિ.' મહારાજ જગજીવનના પત્ની પ્રભાવતીને. | ૨/૮૬ |

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

### ૧. ઘનશ્યામનો શાસ્ત્રપ્રેમ

| | | |
|---|---|---|
| ૧. | અધ્યયનો આરંભ. | ૧/૪૪-૪૫ |
| ૨. | અયોધ્યાના મંદિરોમાં થતી કથા સાંભળતા | ૧/૪૭-૪૮ |
| ૩. | ધર્મદેવ પાસે વિવિધ શાસ્ત્રોનો ટૂંક સમયમાં કરેલો અભ્યાસ - વિદ્યાવ્યાસંગી ઘનશ્યામ. | ૧/૭૫ |
| ૪. | આઠ શાસ્ત્રોના સારરૂપ બનાવેલો ગુટકો | ૧/૭૬-૭૭ |

### ૨. શ્રીહરિના યોગમાં આવેલા મુસલમાન નવાબો

| | | |
|---|---|---|
| ૧. | 'બાપુ ! ગામમાં ખરેખર પ્રભુ જ પધાર્યા છે.' - માણાવદરના નવાબે તપાસ કરવા મોકલેલો માણસ | ૧/૩૫૯-૩૬૦ |
| ૨. | માંગરોળના નવાબ વજરુદીનને શ્રીહરિમાં સાક્ષાત્ પેગંબરનો ભાવ | ૧/૪૦૫ |
| ૩. | 'પેગંબર સાહેબ આજે હિંદુના ઓલિયાના સ્વરૂપે પધાર્યા છે.' - માણાવદરના નવાબ ગજેફરખાનજી | ૧/૪૦૬ |
| ૪. | માંગરોળમાં પુરાતની વાવ અખૂટ પાણી ફરી ગળાવવાની મહારાજની ઇચ્છા - નવાબે કહ્યું હું તો આપનો સેવક છું. મદદ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. | ૧/૪૧૨ |
| ૫. | માંગરોળમાં મંદિરમાં મૂર્તિઓ બાબત ક્લેશ નિવારવા નવાબે પોતાના સિપાઈઓ મોકલ્યા. | ૧/૪૩૩ |
| ૬. | 'તમારાં અહોભાગ્ય છે કે આવા પુરુષ તમારે આંગણે પધાર્યા છે.'- બાંટવા નવાબ ધૂલેખા | ૨/૩-૪ |

### ૩. પતિતનું પરિવર્તન

| | | |
|---|---|---|
| ૧. | મીન સરોવરના માછીમારે મારેલા માછલા સજીવન કર્યા - ઉપદેશ આપ્યો | ૧/૩૫-૩૬ |
| ૨. | 'ધર્મની ગાદી ઉપર બેસી ધર્મનો ઉપદેશ કરશો તો ભગવાન રાજી થશે.'- એકાદશી માટે લોકોને ખોટો ઉપદેશ કરતા હનુમાનગઢીના મોહનદાસ બાવાને | ૧/૬૫-૬૬ |
| ૩. | 'તૃષ્ણાને લીધે જ મારી વિદ્વતાનું, બ્રાહ્મણત્વનું ઓજસ ઓસરી ગયું છે. આપ મારા ઉપર કૃપા કરો.'- કાળપુરષનું દાન લઈને શ્યામવર્ણ થઈ ગયેલ તેલંગી બ્રાહ્મણ | ૧/૧૮૮-૧૮૯ |
| ૪. | 'તારી મંત્રશક્તિને મારી પરમાત્મશક્તિએ ભસ્મસાત્ કરી નાખી !' નીલકંઠવર્ણી પિબૈકને | ૧/૧૯૩-૧૯૬ |
| ૫. | 'મહારાજ ! આજ તમે મને ખરો માણસ બનાવ્યો. માનવીના ધર્મ હું ચૂક્યો હતો.'- લાખો કોળી | ૧/૨૭૯-૨૮૦ |

૬. 'અરે મહારાજ ! મારે તો સોનાની લંકા ઘરે વસાવવી હતી.' - લોભી વણિકનો લોભ કાપ્યો ૧/૨૯૬

૭. 'અમારા આશીર્વાદ અને તમારો પુરુષપ્રયત્ન બંનેનો મેળ ખાય ત્યારે તેવા થવાશે.' - ગિરનારમાં ગોમુખી ગંગા ઉપર બાવાઓને ૧/૩૦૩

૮. 'પ્રભુ ! નરક સાચું છે. હમણાં જ આપે અનુભવ કરાવ્યો.' - ધોરાજીમાં ચાર્વાકપંથીઓ ૧/૩૯૫

૯. 'હે મહારાજ ! હું તમારો દાસ છું. મારા અપરાધ ક્ષમા કરો. મારી સિદ્ધિના મદમાં હું આપને ઓળખી ન શક્યો.' - માંગરોળમાં મેઘજિતનું પરિવર્તન ૧/૪૧૪-૪૧૬

૧૦. 'તમારી જટાના વાળ સંતો જે રસ્તે જતા હોય ત્યાં પાથરી દ્યો, તેના ઉપર સંતો ચાલે. તમને એ કબૂલ હોય તો વિચાર કરીએ.' - મગનીરામનું પરિવર્તન ૧/૪૨૪-૪૩૦

૧૧. મેઘપુરમાં સતત બે મહિના બ્રાહ્મણોની ચોરાશી કરી ભ્રષ્ટ બુદ્ધિ થયેલા બ્રાહ્મણોની બુદ્ધિ નિર્મળ કરી. ૧/૪૫૭-૪૫૮

૧૨. ભાડેરમાં બ્રાહ્મણોને આજીવિકા અને ધર્મ બંને સચવાય તેવો બતાવેલો માર્ગ - સાત્ત્વિક દેવીઓનું પૂજન - માંસ અને મદિરાના ત્યાગની વાત- બ્રાહ્મણોમાં નવું જોમ ૨/૬-૮

૧૩. 'હું તમારા પર કાંકરી કે પથ્થર ફેંકતો પણ તમને એક પણ વાગતો નહિ. આથી મેં જાણ્યું તે તમે ભગવાન છો.' - માનકૂવાના આદાભા ૨/૮૧-૮૨

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **તોતાદ્રિમાં જિયર સ્વામીને આપેલું જાણપણું (૧/૨૪૦-૨૪૨)** તોતાદ્રિમાં શ્રી રામાનુજાચાર્યનું મુખ્ય સ્થાન - તેમનો ઉપદંડ, બેસવાની પીઠ, કાષ્ઠનું આસન અને શંખ, ચક્ર વગેરે મુદ્રાઓ સચવાયેલી છે - ભગવાનની શ્રીમૂર્તિ પુષ્કરિણી સરોવરમાંથી સ્વયં પ્રગટ થયેલી છે - શેષફણા નીચે ભગવાન શ્રી વિષ્ણુ ભૂદેવી અને શ્રીદેવી સાથે પ્રતિષ્ઠિત - પ્રધાન આચાર્યશ્રી જિયર સ્વામી ત્રિદંડી પાસેથી વિષ્ણુનાં આયુધોની છાપ લઈ ચક્રાંક્તિ થયા - ઉપાસનાનું શુદ્ધ સ્વરૂપ - ત્યાગીઓમાં ફેલ, વ્યસન અને ધનનો ત્યાગ રાખતા - રામાનુજના ગ્રંથોનો અભ્યાસ કર્યો - સ્ત્રીઓના પ્રસંગની વાત ખટકી - જિયર સ્વામી સાથે ચર્ચા - સ્ત્રીના ત્યાગની વાત અકલ્પનીય લાગી- આ છોકરાને કાઢો પછી જ હું અન્ન-જળ લઈશ - આપ ત્યાગી છો. આટલો ક્રોધ આપને ન શોભે.
**મનન :** (૧) વ્યક્તિ પોતાના મનથી ધારે તો ઘણા નિયમો પાળી શકે. અશક્ય વસ્તુને શક્ય બનાવી શકે છે. પણ ભગવાન કે સંત જ્યારે તેને નિયમ આપે છે ત્યારે શૂરવીર હોય અથવા સંપૂર્ણ સર્મપિત હોય તે જ પાળી શકે છે. (૨) વ્યક્તિને પોતાના દોષ દેખાતા નથી. પણ જ્યારે કોઈ બીજી વ્યક્તિ તેને તેના દોષ દેખાડે છે. ત્યારે તે વ્યક્તિ પર પણ તેને અભાવ આવે છે. તેના સંગનો ત્યાગ કરી અને પોતાનું અહિત કરે છે.

૨. **'આ તો કૃષ્ણથી પણ મોટા છે.'** (૧/૩૩૪-૩૩૭) નીલકંઠવર્ણી લોજમાં પધાર્યાના સમાચાર મયારામ ભટ્ટ રામાનંદ સ્વામીને ભુજમાં આપ્યા. ભટ્ટજી જ્યારે પાછા લોજ જતાં હતા ત્યારે ભટ્ટજીને રામાનંદ સ્વામીએ કહ્યું : 'રસ્તામાં જે જે ગામ આવે ત્યાં સૌને વર્ણી લોજમાં પધાર્યા છે તે સમાચાર આપજો અને સૌ તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તે સૌને કહેજો.' સ્વામીની આજ્ઞાનુસાર શેખપાટમાં લાલજી સુથારને આ સમાચાર આપ્યા. - ગુરુ તો પરીક્ષા પણ કરે. - વિચારોના વમળમાં ગુચવાતા મયારામ ભટ્ટ - વર્ણીની મહત્તાના વાવડ લાલજી સુથાર પાસે - લોકોની થયેલી વિપરીત મતિ- ભુજમાં રામાનંદ સ્વામી પાસે - રામાનંદ સ્વામીનો લાલજીને પ્રશ્ન 'અહીં કેમ આવ્યા ?' રામાનંદ સ્વામીને ફરિયાદ 'આ વળી નવું તૂત ક્યાં ઊભું થયું ? વર્ણી એવા તે કેવા મોટા છે?' - રામાનંદ સ્વામીનો ઠપકો - 'આ વર્ણી તો કૃષ્ણથી પણ મોટા છે.' - ગુરુભક્તિના વેગમાં પ્રગટ પ્રભુને ઓળખવામાં ખામી આવશે તો કલ્યાણમાં વાંધો આવી જશે. - લાલજી ત્યાંથી સીધા જ લોજ - 'તમારા વૈરાગ્યમાં દયાના સાત્ત્વિક ઝરણાએ વિક્ષેપ નાખ્યો હતો પણ આ વખતે તમારો વૈરાગ્ય પાર પડી જશે. શુકજી જેવા સમર્થ વૈરાગ્યવાન થશો.' - જુગજૂની ઓળખાણનો અહેસાસ થયો. **મનન :** સાચા સંત હોય તે જ ભગવાનમાં જોડે. સાચા સંત જ ભગવાનને યથાર્થ ઓળખાવી શકે. તેથી પોતાના શિષ્યોને ભગવાનમાં જોડે.

૩. **હિમગિરિના સાન્નિધ્યમાં, કાળભૈરવનો પરાભવ (૧/૧૪૬-૧૪૮)** કાળા પર્વતની વાટે વડ નીચે ધ્યાનસ્થ વર્ણી - વડ ઉપર હનુમાનજી - અસંખ્ય પિશાચો, ભૂતગણો, ડાકિનીઓ સાથે કાળભૈરવનું આગમન - હનુમાનજી તરત જ સન્મુખ આવી બેઠા - આ મનુષ્ય અને વાંદરો આપણા શિકાર છે. તેમને ઉપાડો. - હનુમાનજી વિરાટ સ્વરૂપ ધારણ કરી લાંબા પૂંછડાથી ભૂતગણોને બાંધી ઉછાળી દૂર ફેંકી દીધા - ક્રોધે ભરાયેલા કાળભૈરવે પણ પોતાનું સ્વરૂપ વધાર્યું અને હનુમાનજી તરફ ધસ્યો - હનુમાનજીના મુષ્ટિપ્રહારથી તેનું માથું ધડમાં પેસી ગયું - નીલકંઠ વર્ણીની વિચારધારા - ક્ષુદ્ર દેવો તેમના તામસિક અહંકારને લીધે પરમાત્માને પીછાણી શકતા નથી. અજ્ઞાની લોકોને પોતાના ક્ષુદ્ર સ્વરૂપની ઉપાસના કરાવવા તેમની અનેક કામનાઓ પોષવા તામસી કાર્યો કરવા પ્રેરે છે.- લોકોમાંથી ભોળપણ અને અજ્ઞાન ટળશે ત્યારે જ લોકો મારી ઉપાસનાના માર્ગે જશે અને આત્યંતિક મોક્ષના અધિકારી બનશે. **મનન :** મહારાજના જન્મ પહેલાં જ ધર્મદેવને અશ્વત્થામાએ આપેલો શાપ - ' તારો પુત્ર કદાપિ શસ્ત્ર હાથમાં લેશે નહિ અને જો શસ્ત્ર હાથમાં લેશે તો શત્રુને જીતી શકશે નહિ.' - નીલકંઠવર્ણીએ આ શાપનું માન રાખતાં હનુમાનજી દ્વારા કાળભૈરવનો પરાભવ કર્યો.

૪. **તમારા ગુરુ સાકેતવાસી નથી થયા - સાધુની ઝોળીમાં જગત (૧/૪૩૮-૪૪૦)** ગુરુ જાનકીદાસ અને શિષ્ય શીતલદાસ લોજ આશ્રમમાં એક માસ રહી આગળની યાત્રા કરવા ગયા - જાનકીદાસને માંદગી, દેહ પડી ગયો - શીતલદાસ લોજ આશ્રમમાં પરત - ગુરુ સાકેતવાસી થયાની વાત સાંભળી શ્રીહરિ હસ્યા - વૈરાગી 'મેરે ગુરુ સાકેતવાસી હો ગયે ઔર આપ હસતે હો ? '- શ્રીહરિ 'ગુરુ સાકેતવાસી થયા જ નથી.'- તમારી પોથીમાં શું છે? 'ગીતાજી, ચપ્પુ, કાતર, એક સોનામહોર, અને અર્ધો રૂપિયો - તે ખોલાવે છે - ડાબલીમાં સોનામહોર અને રૂપિયાની સાથે સરપનો કણો - આ તમારા ગુરુજી- વાસનાને કારણે સરપ થયા - શ્રીહરિએ સરપ પર પાણી છાંટતાં સર્પ મૃત્યુ પામ્યો સમગ્ર સભા જુએ તેમ ગુરુનો આત્મા દિવ્ય દેહ ધારી ગોલોકમાં પ્રકાશમય બની ચાલ્યો ગયો - શ્રીહરિનો ઉપદેશ - ત્યાગીને ધનના સ્પર્શનો નિષેધ - બાવાએ લંગોટીમાંથી સંસાર માંડ્યો - ઝોળીઝોળી બંધનરૂપ બનશે. **મનન :** જે આશ્રમ સ્વીકારીએ તે આશ્રમના નિયમો પણ દ્રઢતાપૂર્વક પાળવા જોઈએ. ત્યાગી થઈને ધન રાખે તો તે ધન બીજે જન્મ ધરાવે છે.

૫. **જ્યાં જૂના વેર શમી જાય છે. (૧/૩૮૨-૩૮૩)** જેતપુર ગામને પાદર મુસલમાન આંટા મારતો - ઝાડ નીચે બેસીને ગામ તરફ જોયા કરે - શંકાશીલ હિલચાલ - ગામધણી ઉન્નડ બાપુ 'જ્યાં ભગવાન હોય ત્યાં શંકા, ભય, કલેશ ? એને ભક્તિનો ઉન્માદ ચઢ્યો હશે - મુસલમાન 'હું આ ગામનો નથી. મારું અંતર તો જૂના વેરના ઘાની વેદનાથી બળે છે. આ ગામની સીમમાં દાખલ થતાં જ વેરની વેદના ટળી ગઈ. સીમથી દૂર જાઉં છું ને પાછા વેરના વિચારો આવે છે.' - ઉન્નડ બાપુ 'હું નો'તો કહેતો સ્વામીનો ને વર્ણીનો પરતાપ જ એવો છે. વેરઝેર ભૂલાઈ જાય.' - મને તમારા એ ઓલિયાનાં દર્શન કરાવો - મુસલમાનને સમાધિ - 'તમે શિષ્ય છો અને આ ખુદા છે. પણ અહીં તમે ઊંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે.' - રામાનંદ સ્વામી 'અમારા હિંદુઓમાં આ રીત છે.' - 'અલ્લાને આવો અન્યાય ન હોય' - 'તમે અલ્લા છો તો મારા ઉપર રહેમ કરજો. - રામાનંદ સ્વામી 'મેં નો'તું કહ્યું કે આ જ પુરુષોત્તમ છે, વેશના ભજવનારા છે?' શુદ્ધ ભાવવાળાની ગ્રંથિઓ ગળી ગઈ, હઠાગ્રહવાળાની ગ્રંથિ હતી તે ઊલટી જડ બની. **મનન :** જે ઠેકાણે ભગવાન કે ભગવાનના સંત રહેતા હોય ત્યાં ઇન્દ્રિયોની વૃત્તિ ઘસાઈને બુઠ્ઠી થઈ જાય છે.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. ગોવર્ધનભાઈ (માંગરોળ) : પ્રસંગો**

૧. ગોવર્ધનભાઈની ભાવથી કરેલી સેવાના ફળરૂપે તેમની ફોઈ પૂતળીબાઈને નીલકંઠવર્ણીએ જમપાશથી છોડાવી. ૧/૩૦૯-૩૧૦

૨. માંગરોળમાં સરજુદાસની શક્તિ અને મહિમાથી પરિચિત ગોવર્ધનભાઈએ તેમની આજ્ઞા પ્રમાણે સદાવ્રત શરૂ કરાવ્યું - બ્રાહ્મણોની ચોરાશી કરવાની વ્યવસ્થા કરાવી. ૧/૩૩૦-૩૩૧

૩. રામાનંદ સ્વામીના સમયમાં બંધાયેલા મંદિરો વસ્તુઓની માલિકીના દસ્તાવેજમાં શ્રીહરિ વતી ગોવર્ધનભાઈએ કરેલી સહી ૧/૪૩૫

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજના દરેક કાર્યમાં વિશ્વાસથી જોડાયેલા હતા. શ્રીહરિની કાર્ય શક્તિ અને મહિમાથી પરીચિત એવા ગોવર્ધનભાઈ દરેક સેવામાં તત્પર રહેતા.

**૨. માંચાખાચર : પ્રસંગો :**

૧. ભગવાનને ભેટવાની ઈચ્છા - ભોજા ચારણને ભગવાન ગોતવા મોકલ્યા - ભોજા ખાચરને લોજમાં શ્રીહરિ સાથે મેળાપ - ઊભા વણમાં ગાયોને મૂકી મહારાજને મળવા ગયા ૨/૨૪-૨૫

૨. કારિયાણીમાં શ્રીહરિને આમંત્રણ આપવા આવેલા કુંડળના રાઈબાઈનું આમંત્રણ સ્વીકારવા શ્રીહરિને કરેલી ભલામણ ૨/૩૪-૩૫

**વ્યક્તિત્વનું આલેખન :** પૃથ્વી પર ભગવાન પ્રગટ હોય જ તેવા દૃઢ વિશ્વાસથી મિત્રને ભગવાનની શોધમાં મોકલ્યો. ભગવાનની ભાળ મળતાં બીજે ક્યાંય વૃત્તિ ન રહે તે માટે તૈયાર પાકને ભેળાવી દઈને ભગવાનને મુખ્ય કર્યા. પ્રગટ ભગવાનનો બધાને જ લાભ મળે તેવા હેતુથી કુંડળ જવા માટે મહારાજને મનાવી લીધા.

## વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. દંડવત્ પ્રણામ એટલે શું ? (૩/૩૨)**

જ. પરમાત્માનાં ચરણોમાં દંડવત્-લાકડીની જેમ પૃથ્વી પર શરીર પાથરી દેવું એ જ દંડવત્ પ્રણામ.

**૨. આહારના પ્રકાર જણાવો. (૧૧/૮૧)**

જ. આહારના ત્રણ પ્રકાર છે. સાત્ત્વિક, રાજસિક (રાજસી), તામસિક (તામસી)

**૩. બાળકની પ્રગતિનાં છ સોપાન જણાવો. (૯/૬૩)**

જ. (૧) શારીરિક વિકાસ (૨) બૌદ્ધિક વિકાસ (૩) માનસિક વિકાસ (૪) મનોસામાજિક વિકાસ (૫) નૈતિક વિકાસ (૬) આધ્યાત્મિક વિકાસ

**૪. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સત્સંગ સભા (રવિસભા) વિશે શું કહે છે ? (૮/૫૮)**

જ. પચીસ હજારનો નફો જતો કરીને પણ રવિવારની સભામાં પહોંચી જવું.

**૫. ઘરસભાનો કાર્યક્રમ કેવી રીતે રાખી શકાય ? (૮/૫૯)**

જ. ધૂન- ૨મિનિટ, કીર્તન- ૪મિનિટ, ગ્રંથવાંચન- ૧૫મિનિટ

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તિલક-ચાંદલો ક્યારથી અસ્તિત્વમાં આવ્યો ? (૩/૨૨)**

જ. સંવત ૧૮૭૭માં શ્રીજીમહારાજે પંચાળામાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. આ વખતે મહારાજે પંચાળાની ચંદન જેવી માટીની ગોટીઓ તૈયાર કરાવી સંતોને આપી અને બીજે દિવસે તિલક કરી આવવા જણાવ્યું. બીજે દિવસે સંતો જાતજાતનાં આડાં ઊભાં તિલક કરીને આવ્યા. શ્રીજીમહારાજે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી તેમના કપાળમાં ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક અને વચ્ચે ગોળ કુમકુમનો ચાંદલો કરી સૌને બતાવ્યું કે 'આ અમારા તિલક.' તિલક ભગવાનનાં ચરણારવિંદ છે તો ચાંદલો ભક્તનું પ્રતીક છે. ભક્તનું સ્થાન ભગવાનના ચરણમાં જ હોય. (આચાર્ય રઘુવીરજી મહારાજ વિરચિત અર્થદીપિકા-ટીકા ભાષ્ય) આમ, ભગવાન સાથે ભગવાનના ઉત્તમ ભક્તની પણ સેવા ભક્ત સહિત ભગવાનની યુગલ ઉપાસના-સૂચિત થાય છે.

**૨. કંઠી શાની બનાવેલી હોવી જોઈએ ? (૫/૪૫)**

જ. તુલસી એ સમર્પણનું પ્રતીક છે. કોઈ પણ પદાર્થનું દાન આપતી વખતે 'આ મારું નથી, ભગવાનનું છે' એવા ભાવ સાથે તેના પર તુલસીપત્ર મૂકવામાં આવે છે. ભગવાનને ભોગ ધરાવતી વખતે પણ તુલસીપત્ર મૂકીએ

છીએ. આ જ ભાવનાથી આપણો દેહ પણ આ રીતે ભગવાનને સમર્પિત કરીએ છીએ કે 'હે પ્રભુ ! આ દેહ તારો છે. મારો નથી.' શરીર પર તુલસીપત્ર મૂકવાના ભાવરૂપે તુલસીકાષ્ઠની કંઠી ગળામાં ધારણ કરવામાં આવે છે. પછી અન્ય પવિત્ર કાષ્ઠ-ચંદન વગેરેની કંઠી પણ આ જ ભાવનાથી ધારણ કરાય છે.

**૩. ઘરસભામાં બાળસંસ્કાર કેવી રીતે રાખી શકાય ? (૧૦/૬૬)**

જ. બાળમાનસ પોતાના અસ્તિત્વનો સ્વીકાર ઝંખતું હોય છે. ઘરસભામાં બાળકને પણ મહત્વ અપાય તો બાળકને ઘરસભા પોતીકી લાગશે. ઘરસભા પ્રત્યે પ્રેમ જાગશે. ઘરસભામાં બાળક ધૂન બોલાવે, કીર્તન ગાય, શ્રીજીમહારાજના કે ગુરુપરંપરાના જીવનપ્રસંગો કહે તેવું આયોજન કરી શકાય. આ ક્રિયાઓથી બાળકને ઘરસભામાં ઉમંગ જાગશે. જીવનપ્રસંગોને આધારે બાળક સદાચારના પાઠ ભણશે, આચરણમાં મૂકશે. બાળક પાસે કીર્તનો અને સ્વામીની વાતો બોલાવવાથી તેને તે કંઠસ્થ કરશે અને એ વિચારોની છાપ પણ એના મન પર પડશે. સત્સંગવિષયક પ્રશ્નોત્તરી પણ કરી શકાય. બાળક સારી રજૂઆત કરે તો પ્રશંસા કરવી.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>એક</u>નો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. મોટાં ભવ્ય મંદિરોની રચના શા માટે ? ખર્ચ શા માટે ? (૬/૫૦ થી ૫૧)**

જ. જુગારખાનાં, સિનેમાગૃહો, ક્લબો જેવાં સ્થાનો પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે એનો પ્રશ્ન આપણે ક્યારેય ઉઠાવ્યો છે ? જ્યાંથી બહુધા દુરાચારની દુર્ગંધ જ વહેવાની છે, માનવીનું પતન કહેતાં સમાજનું પતન જ થવાનું છે એ માટે ક્યારેય કોઈને પ્રશ્ન થાય છે ? નથી થતો. કારણ માનવીમાં ઊંડે ઊંડે રહેલો દુરાચાર એને મૌન બનાવી દે છે. 'મંદિરો શા માટે ?' એમ પૂછનાર, કહેનાર આવાં પાપ-સ્થાનોનાં સભ્ય હોય છે મુલાકાતી હોય છે. હા, ક્યારેક આપણે સમાજોપયોગી શાળાઓ, હૉસ્પિટલો, અનાથાશ્રમો વગેરે કાર્યોને આગળ ધરીએ છીએ. આ બધાં જ કાર્યો જરૂરી છે. પણ શાળાનું કાર્ય હૉસ્પિટલ કરી શકશે ? હૉસ્પિટલનું કાર્ય અનાથાશ્રમ પૂરું કરશે ? પ્રત્યેકનું કાર્યક્ષેત્ર અંગત છે. સમાજને આ બધાની જરૂર છે. આપણે એ ભૂલીએ છીએ કે આવાં કાર્યો, કાર્ય કરનાર માનવી પર અવલંબે છે. અને એ માણસને સીધી રીતે કે પરંપરા દ્વારા પણ ઘડનાર કોઈ શાળા હોય તો તે છે મંદિર. આવી અત્યંત જરૂરી, માનવઘડતરની શાળા કહેતાં મંદિર પાછળ ખર્ચ થાય છે તે શું બિનજરૂરી છે ? આ મંદિરોની પણ અગત્યતા છે, એની ભવ્યતાની પણ અસર છે. વળી, સમાજના ધનકૂબેરો, રાજવીઓનાં આવાસો કેવા ભવ્ય હોય છે ? વર્તમાનયુગમાં રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન વગેરે દેશની પ્રમુખ વ્યક્તિ ગણાય. એ સૌની વ્યવસ્થા પણ આપણે કેટલી સુંદર જાળવીએ છીએ. દેશના મોભા પ્રમાણે એમનાં આવાસસ્થાનો હોય છે. તો પછી સર્વના સ્વામી એવા પરમેશ્વરનો પ્રાસાદ પણ ભવ્યાતિભવ્ય હોય એવી ભક્તોની ભાવના રહે એ સ્વાભાવિક છે. પૂર્વે ભક્તહૃદયના રાજા-મહારાજાઓ, રાષ્ટ્રના સ્વામી પરમેશ્વરને સ્વીકારતા. આથી જ તેઓ પરમેશ્વરના અતિ મહાન પ્રાસાદો-મંદિરોનું નિર્માણ કરતા અને તેમાં ભગવાનના અર્ચનસ્વરૂપની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવતા. વર્તમાનકાળે ભક્તોનો સમૂહ એકત્ર થઈ આવાં ભવ્ય મંદિરોની રચના કરે છે, જે સૌ જન માટે ઉપયોગી, લાભદાયી હોય છે.

**૨. પ્રાર્થનાના લાભ શા ? (૩/૩૫)**

જ. પ્રાર્થનાથી પરમાત્મા પ્રત્યેનો પ્રેમ દૃઢ થાય છે, શુભ ભાવનાઓ અંતરમાં ઘૂંટાય છે. પ્રેમ હંમેશા આપતા શીખ્યો છે, માગતા નહીં. આવો શુદ્ધ પ્રેમ અંતરમાં પ્રગટ થતો જાય તેમ તેમ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના, સર્વત્ર આત્મીય ભાવના જાગૃત થાય છે. વ્યક્તિનાં આંતરિક માન, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે દોષોનું શમન થાય છે. આથી આંતરિક શાંતિ તો મળે જ છે, પરંતુ આંતરિક સંઘર્ષોને કારણે થતા શારીરિક રોગોનું પણ નિવારણ સહેજે થઈ જાય છે. કેનેડાના ડૉ. રોબર્ટ કિલફ એમના પુસ્તક 'Lesson in Living'માં કહે છે, 'રોગનાશ માટે શુભ ભાવના અગત્યની છે.' 'Every man's Search'માં શ્રીમતી રિબેકા બિયર્ડ કહે છે, ''એક મહિલા સંધિવાથી પીડાતી હતી. પતિનાં અશુદ્ધ અંગ્રેજી ઉચ્ચારણો એને કઠતાં. એ ચિંતા એને સતાવતી રહી. ડૉક્ટરે આ સ્ત્રી એનાં રોગથી મુક્ત થાય એ માટે પ્રાર્થના કરી અને એ સ્ત્રી પાસે પણ પ્રાર્થના કરાવડાવી, ''હે પરમેશ્વર ! હું મારા પ્રિયજનોને એમ નહીં કહું કે તેઓ આમ જ કરે કે તેમ જ કરે. એમની પાસે હું અપેક્ષા નહીં રાખું કે તેઓ મારી વાતોને શિરોમાન્ય કરે અને તેને જ અનુસરે. મને એવી શક્તિ આપો કે હું મારા પ્રિયજનોને માત્ર પ્રેમ કરું. કોઈ પણ અપેક્ષા વગર મારી

માન્યતાઓ અનુસાર ચલાવવા માટે પરેશાન ન કરું.' અને સ્ત્રી રોગમુક્ત બની.' 'ભગવાને મારો ક્રોધ દૂર કર્યો, દુર્ભાવનાઓ અને ચિંતાનો નાશ કરી નાખ્યો છે. હું કદી ક્રોધ નહીં કરું. હું કદી ચિડાઈશ નહીં, હું કદી ડરીશ નહિ.' હાઈ બ્લડપ્રેશરનો દરદી આ પ્રકારની ભાવના દૃઢ કરે અને એ માટે ભગવાનને પ્રાર્થના કરે તો એનું બ્લડ-પ્રેશર ઓછું થઈ જાય છે. તો વળી, હૃદયરોગની દવા નિષ્કામ ભગવત્પ્રેમ છે એમ બતાવાયું છે. આ રીતે પ્રાર્થના દ્વારા આંતરિક દોષો દૂર થતાં શરીરના રોગો દૂર થાય છે અને એથીયે વિશેષ તો કૌટુંબિક-વ્યાવહારિક ઝઘડાઓનું શમન થઈ જાય છે તે લાભ છે. આ રીતે વ્યક્તિગત લાભ અને સામાજિક લાભ થાય છે. વિશ્વશાંતિનાં બીજ પ્રાર્થનાથી વવાય છે અને એમાંથી જ મોટું વૃક્ષ પલ્લવિત થાય છે. યોગીજી મહારાજની ગુણગ્રાહક દૃષ્ટિ, અભાવ, અવગુણ ને મોળી વાત ન કરવાની દૃઢતા અને મહિમાસભર તથા બળભરી વાતો કરવાની એમની જીવનશૈલી ભગવત્પ્રેમનું પ્રતિબિંબ પાડતી હતી. એમની અલમસ્તાઈ, એમનો દિવ્યપ્રેમ સૌને સ્પર્શી જતાં. એમની પ્રાર્થનામાં જ આ સૂરો પડઘાતા સંભળાય છે. ભગવત્પ્રેમ અહીં જ ભગવાનનું ધામ રચે છે. આમ, પ્રાર્થનાથી અંતરના દોષો દૂર થાય છે..... અંતર શાંત થાય છે.... શારીરિક રોગો મટે છે.... મન શાંત થતાં કૌટુંબિક વ્યાવહારિક ઝઘડાઓ ઉત્પન્ન જ થતા નથી... વ્યક્તિ સુધરતાં સામાજિક લાભ થાય છે... વૈશ્વિક શાંતિનાં બીજ વવાય છે.... ભગવત્પ્રેમ ઉત્કટ બને છે.... અહીં જ ભગવાનનું ધામ ખડું થાય છે... શાંતિ થાય છે.

**પ્ર.૧૩નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. ઈષ્ટદેવની મૂર્તિપૂજાની વિશેષતા શી છે ? (૧/૪-૫)**

જ. ભારતીય ભક્તિદર્શનોમાં અનંત વિશ્વનાં સર્જનહાર સ્વામી, એકમાત્ર પરમેશ્વરને કહ્યા છે, જે સર્વોપરી છે, સર્વ કર્તાહર્તા છે, સદા દિવ્ય છે અને સદા (પુરુષાકાર) સાકાર છે. જીવો અનંત છે અને તે અનાદિ અજ્ઞાનથી - માયાથી બદ્ધ છે. આ અનાદિ અજ્ઞાનનું-વાસનાનું વળગણ છોડાવવા માટે અર્થાત્ મુક્તિ માટે એકમાત્ર સર્વજન - સુલભ, સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે. પરમાત્માનું શરણું સ્વીકારી એમની સેવકભાવે, દાસભાવે ઉપાસના ભક્તિ કરવી, પૂજા કરવી. ભક્ત કદી પણ ભગવાન તો બનતો જ નથી. આથી મુક્તિ પહેલાં પણ ભક્તિ છે અને મુક્તિ પછી પણ ભક્તિ તો રહે જ છે. કહો ને કે સાધન પણ ભક્તિ છે અને સિદ્ધિ પણ ભક્તિ છે. આ ભક્તિ-સેવા પરમાત્મા પ્રત્યક્ષ હોય તો જ સુલભ બને. પરમકૃપાળુ પરમાત્મા ભક્તોના સુખને અર્થે પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. તે તે સમયે ભક્તોને ભક્તિનો અવકાશ રહે પણ દિવ્યલીલા સંકેલી પરમાત્મા અંતર્ધાન થાય પછી શું? તો પ્રભુએ કૃપા કરી પોતાનું અર્ચન સ્વરૂપ-મૂર્તિ ભક્તોને આપી. આ મૂર્તિ એ કાંઈ પ્રતીક નથી કે ચિત્તને સ્થિર કરવા પૂરતું આલંબનમાત્ર નથી, પરંતુ સાક્ષાત્ પરમાત્મા જ છે, અર્ચાવતાર છે. વેદાંતકથિત પરમાત્માનું સ્વરૂપ મનવાણીથી પર છે. એ પરમાત્મા ભક્ત માટે મૂર્તિરૂપે સુલભ બની રહે છે. એની ભક્તિમાં ઈંદ્રિયો-મન પરોવાતાં જગતની વાસના સહેજે છૂટી જાય છે. પ્રભુના સ્વરૂપમાં ચિત્તનો નિરોધ થતાં પ્રાણનો નિરોધ થાય છે અને પરમાત્મામાં એકમાત્ર નિષ્ઠારૂપી નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ થાય છે. ભક્ત સહજતાથી ભગવાનની સેવા-પૂજાનો આનંદ હંમેશા લઈ શકે, મન પરમાત્મામાં સ્થિર થાય, વાસનાથી છૂટી મુક્તિ પ્રાપ્ત કરી શકે એ જ ઈષ્ટદેવની મૂર્તિપૂજાની વિશેષતા છે.

**૨. આરતી એટલે શું ? (૪/૪૦-૪૧)**

જ. પૂજાવિધિ એ ભગવાનને સન્માન આપવાની, સત્કાર કરવાની વિધિ છે. ઘરે મહેમાન આવે તો આપણે એમને અંધારામાં બેસાડી રાખીએ ? તરત જ દીવો કરી અજવાળાં પાથરીએ. આરતી પણ પરમાત્માની પધરામણી કે સ્વાગતનું પ્રતીક છે. ભગવાનને જ્ઞાનના પ્રકાશ દ્વારા જ અંતરમાં પધરાવાય. જ્ઞાનનું પ્રતીક પ્રકાશ છે, દીવાની જ્યોત છે. પ્રકાશમાં જ ભગવાનનાં દર્શન થાય. આમ, ભગવાનનો સત્કાર કરતાં પ્રકાશ પાથરવાની વિધિ એટલે આરતી. વળી, આરતીનો અર્થ એવો થાય છે કે 'આસમન્તાત્ રતિઃ' અર્થાત્ 'હે ભગવાન ! મારો સમગ્ર પ્રેમ કેવળ આપના વિષે જ થાઓ.' આ ભાવથી થતી ભગવાનની પ્રાર્થના તે આરતી. પૂર્વે મંદિરોનાં ગર્ભગૃહોમાં અંધારું ઘણું રહેતું. દીવાની જ્યોતથી ભગવાનનાં દર્શન થતાં. ભગવાનનાં અંગેઅંગનાં દર્શન કરવા દીવાની જ્યોતને નખશિખા પર્યંત ફેરવવામાં આવતી. પરંતુ આ સ્થૂળ ક્રિયામાં, દીવાની જ્યોતના પ્રકાશમાં ભગવાનનાં અંગેઅંગ નીરખીને દર્શન કરી ભક્ત આ જ ભાવના વ્યક્ત કરે છે કે આપનાં અંગેઅંગમાં સમગ્રતયા મને હેત

છે. આ પ્રમાણે આરતી એટલે ભગવદ્રતિ વ્યક્ત કરતી જ્યોતિ. આ ક્રિયામાં એવી ભાવના પણ ભળેલી છે કે જેમ આરતીમાં વાટ બળે તેમ ભગવાનની સેવામાં મારો દેહ પણ હોમાઈ જાય, બળી જાય. એટલું જ નહિ, સેવાની જ્યોત ચાલુ રાખવા ભગવત્સ્નેહરૂપી તેલ પણ અખૂટ રહે. (તેલને સંસ્કૃતમાં સ્નેહ પણ કહે છે.) આમ, સ્નેહભરેલ જ્યોતનું સમર્પણ એટલે આરતી. વળી, જીવપ્રાણીમાત્ર પર કૃપા કરીને ભગવાને પંચભૂતની ભેટ આપી છે. સ્થિર રહેવા માટે પૃથ્વી રચી, જીવવા માટે જીવનજળ આપ્યું, ધાન્ય ઉત્પન્ન કરવા માટે સૂર્યચંદ્રરૂપી તેજ આપ્યું તથા અન્ન પકાવવા અગ્નિ તેમ જ અન્ન પચાવવા જઠરાગ્નિ આપ્યો, શ્વાસ-પ્રાણને ધારવા વાયુ ને હલનચલન માટે અવકાશ-આકાશ આપ્યો. પરમાત્માના આપણી ઉપરના આ ઋણને સંભારીને આ પંચભૂતોની ભેટ ભગવાનને ચરણે ધરવા આરતીમાં તે-તે તત્ત્વોનાં વિવિધ પ્રતીકો સ્વીકારેલાં છે. શબ્દ એ આકાશનો ભાગ છે. આથી નગારાં-ઘંટ અને આરતીગાનના શબ્દનો ધ્વનિ આકાશનું પ્રતીક છે. અગરબત્તી દ્વારા થતો ધૂપ વાયુનું પ્રતીક છે. દીવાની જ્યોત તેજનું પ્રતીક છે. જળપૂરિત શંખ એ જળનું પ્રતીક છે. દંડવત્ પ્રણામમાં ભગવાનને ચરણે પૃથ્વી તત્ત્વ સમર્પિત કરવાનો ભાવ સમાયેલો છે. આ રીતે, આરતી એટલે પંચભૂતોનું પરમાત્માને સમર્પણ. આ જ ભાવને વ્યક્ત કરવા કેટલાંક મંદિરોમાં પંચભૂતના પ્રતીક સમી પાંચ વસ્તુઓથી જ આરતી ઉતારવામાં આવે છે. જેમ કે, (૧) પુષ્પ-પૃથ્વી (કારણ કે ગંધ એ પૃથ્વીનો ગુણ છે.) (૨) જળપૂરિત શંખ-જળ (૩) દીવો-તેજ (૪) ચામર-વાયુ (૫) સફેદ વસ્ત્ર-આકાશ. ઉપરોક્ત પાંચ વસ્તુઓથી અનુક્રમે પ્રભુની આરતી ઉતારી પ્રભુના ચરણોમાં પંચભૂતો સમર્પણ કર્યાનો ભાવ ભક્ત વ્યક્ત કરે છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (સામાન્યજ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **આત્માની ઉત્તમ અવસ્થાનો ઉપદેશ : માંડૂક્ય ઉપનિષદ : (૧)** પરિચય - માંડૂક્ય ઉપનિષદનો સમાવેશ અથર્વવેદની માંડૂક્ય નામની શાખામાં - તેથી તે ઉપનિષદનું નામ માંડૂક્ય ઉપનિષદ - કદમાં સૌથી નાનું - તેના મંત્રની સંખ્યા ફક્ત ૧૨ - આ મંત્રોની ચાર ખંડોમાં વહેંચણી. પરબ્રહ્મની યથાર્થ ઉપાસના-ભક્તિ માટે આત્માસાતની આવશ્યકતા - બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા. આ ઉપનિષદમાં આત્મજ્ઞાનનો અને આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને બ્રહ્મભાવ પ્રગટાવવાનો સરળ ઉપદેશ. **(૨)** આત્માની બ્રહ્મરૂપે વિભાવના - બ્રહ્મરૂપ થવા માટે બ્રહ્મનો મહિમા જાણવો આવશ્યક - તેથી બ્રહ્મના મહિમાના ઉદ્ગાનથી આ ગ્રંથના શ્રીગણેશ - ૐ શબ્દથી જ જેની કીર્તિ ગવાય છે તેવું આ અક્ષર સર્વેમાં વ્યાપક - આ બધું જ અક્ષરબ્રહ્મમય છે. માંડૂક્ય ઉપનિષદ ૧/૧, ૧/૨ અક્ષરબ્રહ્મની સર્વ વ્યાપકતા - મારો આત્મા પણ બ્રહ્મમય, બ્રહ્મરૂપ, અક્ષરરૂપ છે. આત્માની બ્રહ્મરૂપં વિભાવના કરવી એટલે ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી એને જુદો સમજવો તે ત્રણ અવસ્થા જાણવી આવશ્યક અને આ ત્રણ અવસ્થાથી પર પરિશુદ્ધ જીવાત્માની ચોથી અવસ્થા તે બ્રાહ્મીસ્થિતિ. **(૩)** પ્રથમપાદ : જાગ્રત અવસ્થા બહાર રહેલા રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે વિષયોને સારી રીતે જીવાત્મા જાણતો હોય ત્યારે જાગ્રત અવસ્થા કહેવાય. આ જાગ્રત અવસ્થામાં જીવાત્મા હોય ત્યારે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો વગેરે તથા પંચ પ્રાણ તથા મન, બુદ્ધિ, ચિત્ત વગેરે ચાર અંતઃકરણ વગેરે ૧૯ સાધનોનો મુખ્ય ઉપયોગ વિવિધ પ્રકારના ભોગીને ભોગવતો હોય છે. આ અવસ્થામાં સ્થૂળ શરીરનું સંપૂર્ણ ભાન - વળી જાગ્રત અવસ્થા 'વિશ્વ' કહેતા બધા જ બાહ્ય વિષયોને ભોગવવાની યોગ્યતા ધરાવતો હોવાથી આ ઉપનિષદમાં જીવાત્માને વૈશ્વાનર કહ્યો છે. તેથી જ વિશ્વ અથવા 'વિશ્વાભિમાની' જેવી વિશિષ્ટ સંજ્ઞા-જાગ્રત અવસ્થા સ્થૂળ દેહ સાથે જોડાયેલી છે. **(૪)** દ્વિતીય પાદ સ્વપ્ન અવસ્થા : માંડૂક્ય ઉપનિષદ ૨/૨ મુજબ જે અવસ્થામાં નિદ્રાધીન જીવાત્મા બાહ્ય જાગ્રત અવસ્થાના પદાર્થોનું નહીં પણ આંતિરક પદાર્થોને જ સારી રીતે ભોગવે છે. જાણતો હોય તે સ્વપ્ન અવસ્થા - આ અવસ્થામાં સ્થૂળ દેહનું ભાન રહેતું નથી. પાંચ જ્ઞાનેન્દ્રિયો-કર્મેન્દ્રિયો સક્રિય હોતી નથી. મન, બુદ્ધિ, ચિત્ત એ સક્રિય હોય છે. - આ સંપૂર્ણ સ્વપ્ન સૃષ્ટિના સર્જક પરમાત્મા - જીવનું કાંઈ ન ચાલે - જીવના પૂર્વ કર્મને અનુસારે તે કર્મમાંથી કેટલાક સંચિત કર્મના ફળને ભોગવવા પરમાત્મા સ્વપ્ન સૃષ્ટિ સર્જે છે. ખૂબ અલ્પ કાળમાં ઘણા બધાં સંચિત કર્મના ફળ આ અવસ્થામાં જીવ ભોગવી ચૂકે છે. -

અંધકારમાં હોવા છતાં નેત્ર બીડાયેલાં હોવા છતાં વિવિધ પ્રકારનાં પદાર્થો, તેજયુક્ત વસ્તુઓની જેમ સાક્ષાત્કાર - તેથી આ અવસ્થા તેજસ સંજ્ઞાથી ઓળખાય છે. **(૫)** તૃતીય પાદ સુષુપ્તિ અવસ્થા : જે અવસ્થામાં કેવળ જ્ઞાનેન્દ્રિયો જ નહીં પરંતુ મન પણ વિરામ પામી જાય છે. આ અવસ્થામાં સ્થૂળ દેહ અને સૂક્ષ્મ દેહ કરતાં કારણ દેહની પ્રધાનતા - જ્ઞાન સ્વરૂપ એવો આત્મા પ્રધાન-પુરુષના સુખ-લેશમાં લીન -સુષુપ્તિમાં જ્ઞાન સ્વરૂપે રહેલ આ જીવાત્માની 'પ્રાજ્ઞ' એવી વિશિષ્ટ સંજ્ઞાથી ઓળખાય છે. **(૬)** ચતુર્થ પાદ અવસ્થા : આ ત્રણેય અવસ્થાથી પર પરિશુદ્ધ જીવાત્માની બ્રહ્મ સંગાથે એકતા સમજાવવાનો, બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરાવવાનો હેતુ - બ્રહ્મ સંગાથેની એકતા તે જ બ્રાહ્મી સ્થિતિ એટલે ચતુર્થ પાદ. આ ચોથી અવસ્થા એવી કે જેને જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ ન કહેવાય. ત્રણેય અવસ્થાથી પર અને શ્રેષ્ઠ છે. આ ત્રણે અવસ્થામાં આત્મા બ્રહ્મરૂપ થયો હોવાથી સંસારનો મોહ નષ્ટ - ષડૂર્મિરહિત - શાંત - બ્રાહ્મીસ્થિતિનું ફળ - આ રીતે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરનારને લાભ થાય છે તે જણાવી આ ઉપનિષદમાં પૂર્ણ થાય છે. આ બ્રહ્મરૂપ જીવાત્મામાં પરમાત્માનો પ્રવેશ - સાક્ષાત્કાર - સદાય સાક્ષાત્કાર - ઉપસંહાર.

૨. **એકાંતિક ધર્મનું મૂર્તિમાન સ્વરૂપ નીલકંઠવર્ણી : (૧)** ભગવાન સ્વામિનારાયણના પૃથ્વી પર પ્રાર્દુભાવના છ હેતુઓ. **(૨)** આ હેતુઓમાંનો મુખ્ય હેતુ એકાંતિક ધર્મનું પૃથ્વી પર સ્થાપન - એકાંતિક ધર્મની વાત શાસ્ત્રોમાં તો હતી જ પરંતુ તે લુપ્ત થઈ ગયેલ - તેથી લુપ્ત થયેલ એકાંતિક ધર્મની પુનઃસ્થાપના કરવાનો હેતુ. **(૩)** એકાંતિક ધર્મના ચાર અંગ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. આ ચારેયનું મહિમાએ સહિત પાલન, સંવર્ધન અને પોષણ નીલકંઠવર્ણી દ્વારા. **(૪)** નીલકંઠવર્ણી રૂપે સ્વામિનારાયણ ભગવાન દ્વારા ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ - સમગ્ર યાત્રા દરમ્યાન નીલકંઠવર્ણીએ આ ચાર અંગોને લુપ્ત થયેલ નિહાળ્યા - ધર્મ એટલે નિષ્કામધર્મ અને અહિંસા મુખ્ય - સ્ત્રી-પુરુષ મર્યાદાનો તો છડેચોક ભંગ થતો નિહાળ્યો. હિંસા આચરતા દાનવો જેવા મનુષ્યો નિહાળ્યા - આ સૌને નીલકંઠવર્ણીએ સ્વધર્મમાં રહેવાનો ઉપદેશ - (પ્રસંગો લખવા) **(૫)** યાત્રા દરમ્યાન નીલકંઠવર્ણીએ આત્મા-પરમાત્માના જ્ઞાનનો પ્રસાર, પ્રચાર, સ્વસ્વરૂપનું જ્ઞાન મુમુક્ષુ જીવોને આપ્યું - હૃદયની શુદ્ધતા, પવિત્રતા પર વિશેષ ભાર (પ્રસંગો લખવા) નીલકંઠવર્ણી સ્વયં વૈરાગ્યનું મૂર્તિમાન સ્વરૂપ - યાત્રા દરમ્યાન તેમના વૈરાગ્યની પરાકાષ્ઠા - કૌપીન ભર ખુલ્લે પગે જંગલમાં વિચરણ, ત્યાગ-વૈરાગ્યની ઉજ્જવળ મિસાલ - પોતે વૈરાગ્યમય રીતે રહીને મુમુક્ષુઓને વૈરાગ્યનો ઉપદેશ - જ્ઞાન આપ્યાં. **(૬)** માહાત્મ્યે સહિત ભક્તિ દ્વારા એકાંતિક ધર્મની સ્થાપના - માહાત્મ્યે સહિત ભક્તિનો ઉચ્ચ આદર્શ આપ્યો. મહિમાએ સહિત ભક્તિ હશે તો બાકીના ત્રણ આવશે જ - એ પ્રકારનો મુમુક્ષુઓને ઉત્તમ ઉપદેશ (પ્રસંગો) **(૭)** આમ, નીલકંઠવર્ણી સ્વયં ધર્મપાલનના દૃઢ આગ્રહી. વૈરાગ્યની પરાકાષ્ઠા, જ્ઞાનનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ તથા માહાત્મ્યે સહિત શુદ્ધ એકાંતિકી ભક્તિ. આ ચારે એકાંતિક ધર્મનાં અંગોના નીલકંઠમાં મૂર્તિમાન દર્શન - તેથી જ એકાંતિક ધર્મનું મૂર્તિમાન સ્વરૂપ નીલકંઠવર્ણી - ઉપસંહાર.

૩. **જીવનમાં સેવા-સમર્પણનું મહત્ત્વ : (૧)** જીવનમાં સેવા અને સમર્પણનું ખૂબ મહત્ત્વ. સેવા ત્રણ પ્રકારે આધ્યાત્મ માર્ગે થઈ શકે. **(૨)** દરેક ક્ષેત્રમાં સેવાનો મહિમા - મન, કર્મ, વચનથી, સામાજિક સેવા, રાજકીય સેવા કે આધ્યાત્મિક સેવા. સેવા કરનારને તેનું ફળ મળે જ છે. કોઈપણ ક્ષેત્રે નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારને માન મળે, મોભો મળે. (પ્રસંગો) સ્વાર્થપ્રેરિત સેવાનો મહિમા ન્યૂન. **(૩)** આધ્યાત્મિક ક્ષેત્રે સેવા - નિઃસ્વાર્થ સેવા વચનથી ભગવાન અને સંતના ગુણ ગાવા, મને કરીને તેમને નિર્દોષ જાણવા અને દેહે કરીને તેમની આજ્ઞા પાળવી. (પ્રસંગો) **(૪)** સેવાની સાથે સાથે જીવનમાં સમર્પણનું પણ મહત્વ - તેટલું જ અથવા સમર્પણનું સ્થાન સેવાથી વિશેષ - જેણે પોતાનું જીવન, ધન, ધામ, કુળ, પરિવાર વગેરેનું સમર્પણ કર્યું તે ભગવાન અને સંતના રાજીપાના પારને પામી શક્યા, તેમનું માન અમર થઈ ગયું. - ઈતિહાસના પાને સામાજિક સમર્પણની ગાથાઓ લખાઈ ગઈ. આધ્યાત્મિક ક્ષેત્રે પણ સમર્પણનો ખૂબ મહિમા - ભગવાન અને સંતને ચરણે સર્વસ્વ સમર્પિત કરનારનાં નામો ગ્રંથોનાં પૃષ્ઠો પર અંકિત થઈ ગયા - મુમુક્ષુઓના હૃદયમાં તેમનું સ્થાન થયું. (દાદાખાચર વગેરે પ્રગટના તેમજ પરોક્ષના ભક્તોના પ્રસંગો લખવા.) આ ભક્તો ગ્રંથોમાં, સંપ્રદાયમાં ભક્તોના હૃદયમાં અમર સ્થાન પામ્યા. (પ્રસંગો) **(૫)** સેવા-સમર્પણથી અંતરમાં શાંતિ રહે છે. - ફાયદા - આમ જીવનમાં સેવા અને સમર્પણનું અનેકગણું મહત્ત્વ. - ઉપસંહાર

❑ ❑ ❑